# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## આવો વિશ્વાસ જોઈએ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

મિત્રો ! વાત છે શ્રધ્ધા અને વિશ્વાસની. પછી ભલેને સેવાની વાત હોય કે ધર્મની વાત હોય, ભગવાનની વાત હોય કે ભજનની વાત હોય પણ શ્રધ્ધા અને વિશ્વાસ એ એનો પાયો છે. જેને સેવામાં શ્રધ્ધા ન હોય શંકા હોય એવી સેવા ભગવાન પણ સ્વીકારતા નથી.

તમે બહું મોંઘા ભાવના ઘઉં લાવ્યા હો પણ અંદર ઈયળ અને ધનેરાનાં ઢગલાં હોય પછી એ ઘઉં દળાવવાનું મન ન થાય, એ ફેંકી દેવા પડે, એમ જેની શ્રધ્ધામાં શંકાની જીવાત પડી જાય પછી એ શ્રધ્ધા ભગવાનને સ્વીકાર્ય લાગતી નથી. તેની સેવા ભગવાન સ્વીકારતા નથી. જેની સેવા કરો તેની પ્રત્યે શ્રધ્ધા રાખીને સેવા કરો તો તે સેવા ઉગી નીકળે.

શ્રધ્ધા અને વિશ્વાસ કેવા જોઈએ ? એ સમજવા માટે આપણા સંતો ઘણીવાર કથામાં દ્રષ્ટાંત આપે છે. કોઈ ગુરૂ અને શિષ્ય યાત્રામાં જતા હતા. એક પછી એક તીર્થધામ પસાર કરતા કરતા ક્યાંયને ક્યાંય દૂર નીકળી ગયા અને ઘણા થાકી ગયેલા. રસ્તામાં કોઈ પીપળાના ઝાડ નીચે બપોરના સમયે વિશ્રાંતિ લેવા આડે પડખે થયા. શિષ્ય તો ઉંઘી ગયો. માંડ્યો નસકોરાં બોલાવવા પણ ગુરૂ જાગતા હતા. કાંઈક ખખડાટ થયો એટલે બેઠા થઈ ગયા. જોયું તો બાજુમાં જ એક સર્પ આંટા મારતો હતો. ગુરૂને એમ થયું કે પથરો ઉપાડું કે લાકડી ખખડાવું તો જતો રહે. પથ્થર ઉપાડ્યો એટલે એકદમ અવાજ સંભળાયો. ''મને મારવાની જરૂર નથી. મારે તમારી સાથે કોઈ લેવા-દેવા નથી. પણ આ સૂતો છે તે ગયા જન્મનો મારો વેરી છે. શત્રુ છે ને મારી ઈચ્છા છે કે આ વખતે મારે એનાં ગળાનું લોહી પીવું છે. મારો વેરાગ્નિ તૃપ્ત કરવો છે. શાંત કરવો છે.

ગુરૂને એમ થયું કે જન્મ જન્મના પ્રારબ્ધ તો દરેકના અલગ-અલગ હોય છે. પણ આ મારા જ ચેલાને બચકું ભરશે અને લોહી તો કેટલું એના મોઢામાં જશે ? પણ મારા ચેલાનું જીવન પુરૂં થઈ જશે. ગુરૂએ તો એકદમ ઉતાવળા થઈને નિર્ણય લઈ લીધો. સર્પને પૂછ્યું, તારે એનું લોહી જ પીવું છે ને ? હા, મારી એક મનની અતૃપ્ત વાસના રહી ગઈ છે. હું એનું લોહી કાઢીને આપું તો ? લાવો, મારે તો લોહી જ પીવું છે. ગુરૂજીએ ઝોળીમાંથી છરી કાઢી જે કાયમ દૂધી સમારવા વાપરતા હતા તે છરી કાઢી. પીપળાનું પાંદડું લીધું. નસકોરાં બોલાવતા ચેલાની બાજુમાં બેસીને પેલા સર્પ બનેલા જીવને ગળાનું લોહી પીવું હતું એટલે ગળામાં જરાક છરીનો ગોદો માર્યો એટલે ચેલો જાગી ગયો. કોણ ન જાગે ? ગમે તેવી જાડી ચામડીના જાનવરને ગોદો વાગે તો પણ જાગી જાય. ગળામાં જ્યાં છરીનો ગોદો વાગ્યો, અણીનો ઘસરકો કર્યો, ચેલાએ એકદમ ભડકીને આંખો ઉઘાડી, આ તો પોતાના ગુરૂ છે, છરી લઈને ગળા ઉપર ફેરવે છે કાંઈ વાંધો નહી. એ ફરીવાર સૂઈ ગયો. આંખો બંધ કરી દીધી. સૂઈ જ ગયો.

બે-ચાર-પાંચ ટીપા લોહી પીપળાનાં પાંદડા ઉપર પડ્યું. એ પાંદડું લઈ ગુરૂએ સર્પની પાસે મૂક્યું. પેલા સર્પે લહરક લાંબી જીભથી બે-ચાર લસરકા લઈ એ ચાલતો થયો. એનું અતૃપ્ત વેર જાણે શાંત થઈ ગયું.

ગુરૂને વિચાર થયો. હજુ લોહી વહે છે. એટલે પીપળાની કાચી કાચી કુંમળો કાઢી પથ્થર ઉપર વાટી લગાવી દીધી. સમય થયો એટલે ચેલાને જગાડ્યો. ચાલો. પૂજાના થેલા અને જોળા ઉઠાવીને ગુરૂને ચેલા જાય ધમધમાટ ચાલ્યા.

હવે ગુરુ મૂંઝાય છે. મને પૂછતોય નથી કે છરી લઈને કેમ ફરી વળ્યા હતાં ? આ ચેલો કેમ કંઈ બોલતો નથી ? એના મનમાં કંઈ ગરબડ તો નહીં હોય ને ! એટલે તરત જ પૂછે છે કે તને ખબર છે કે મેં છરી લઈને તારા ગળા ઉપર ઘસરકો કર્યો તે કેમ કર્યો ? ના, મારે જાણવાની શી જરૂર ? મારે એ જાણવાની કંઈ જરૂર નથી. તમે જે કાંઈ કર્યું હશે તે મારા સારા માટે જ હશે. એવો મને દૃઢ વિશ્વાસ છે, મને શ્રધ્ધા છે. તમે મને ફૂલનો હાર પહેરાવો તોય

સારા માટે અને તમે મારા ગળા પર છરી ફેરવો તોય સારા માટે એવી મને શ્રધ્ધા છે. એટલે જાણવાની જરૂર નથી.

ભગવાનના સ્વરૂપમાં આવી શ્રધ્ધા હોય અને આવી શ્રધ્ધા સાથે આપણે ઠાકોરજીની સેવા કરીએ તો એ સેવા ભગવાન સ્વીકારી લે, સીધે સીધી સ્વીકારી લે પણ જે શ્રધ્ધામાં શંકા હોય, તમે જમવા બેઠા હોય અને તમારી થાળીમાં જીવડું દેખાય તો ખાવાનું ન ભાવે, ચાલતા થઈ જાવ, ઉભા થઈ જવાનું મન થાય એમ જેની શ્રધ્ધામાં સેવામાં પ્રભુને શંકા દેખાય તો એ સેવાને પ્રભુ છોડી દે છે. સેવા કરતા પહેલા યોગ્યતા, પાત્રતા આ બધું જોઈ લેવું પડે, પરંતુ સુપાત્રતા જોયા પછી જયારે સેવા કરવા માંડો પછી શંકા રાખવી એ સેવા અસ્થાને ગણાય છે. માટે સાચી શ્રદ્ધા અને વિશ્વાસ રાખી ભગવાનની સેવા ભજન કરવાં.

●

### લક્ષ્મીજી ક્યાં રહે છે ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

બાળ મિત્રો ! જેની ઘણા સમયથી રાહ જોવાતી હોય છે. તેવી દિવાળી - નવા વર્ષના તહેવારો ઉજવાઈ પણ ગયા અને પાછા સહુ પોતપોતાના અભ્યાસમાં - પ્રવૃત્તિમાં લાગી ગયા હશે. દિવાળી આવે એટલે કેવો માહોલ થઈ જાય ! ઘરોમાં રંગરોગાન થાય, નિત નવા કપડાં જરૂરી ચીજવસ્તુઓની ખરીદી, ફટાકડા ફોડવાના, એકબીજાને મળવા જવું વગેરે....વગેરે... પ્રવૃતિ થાય. મંદિરોમાં પણ અનેક ઉત્સવોની ઉજવણી થાય તેનાં દર્શન કરીને આનંદ આનંદ થાય. દિવાળીનાં દિવસે દરેક ઘરોમાં લક્ષ્મીપૂજન થાય છે. દિવાળીના દિવસે શા માટે લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવે છે ? દિવાળી એ લક્ષ્મીજીનો જન્મ દિવસ છે તેથી તેમનું પૂજન થાય છે.

આજે જયારે લક્ષ્મીજીની -દિવાળીની વાત થઈ જ છે તો એક સુંદર શાંતિથી વાંચીને જીવનમાં ઉતારવા જેવી વાત યાદ આવી ગઈ. આ વાત તો કોઈ એક કુટુંબની જ છે પણ જો ધ્યાનથી વાંચી તેનો અમલ કરવામાં આવે તો દરેક કુટુંબને, સમાજને ઉપયોગી બને તેવી છે.

એક શહેરમાં સારા સુઘડ વિસ્તારમાં એક હવેલી હતી. તેમાં એક સુખી કુટુંબ વસતું હતું. ઘરમાં ભૌતિક સુખ-સુવિધાઓ તો હતી જ પણ સાથે સાથે આખા પરિવારમાં સંપ અને સંસ્કારની રેલમછેલ હતી. દરરોજ સવાર-સાંજ આ ઘરમાં ભગવાનની સાથે લક્ષ્મીજીની આરાધના થતી. લક્ષ્મીજી અને ભગવાનની પ્રસન્નતા આ કુટુંબ પર અનરાધાર જણાતી હતી.

દરરોજ તો પૂજા-અર્ચના થતી જ પણ દિવાળીના દિવસે મોટી ધામધૂમ સાથે પરિવારના દરેક સભ્યોની ઉપસ્થિતિમાં વિશેષ પૂજન થતું હતું. ખૂબજ હર્ષોલ્લાસ સાથે પૂજન પૂર્ણ થવાની તૈયારી હતી ત્યાં જ રૂમમાં ઓચિંતો પ્રકાશ પડ્યો. તે પ્રકાશ પણ એવો પ્રસર્યો કે દિપમાળા પણ તદ્દન ઝાંખી પડી ગઈ. એકદમ થયેલા આ પ્રકાશને જોઈને સહુ ભયમિશ્રિત આશ્ચર્યમાં મુકાઈ ગયા. હજુ કાંઈ વિચારે ત્યાં તો તે પ્રકાશમાં સાક્ષાત્ લક્ષ્મીજી દેખાયાં. સહુએ હાથ જોડીને માતાજીને પ્રણામ કર્યા અને તેમની સન્મુખ ઉભા રહ્યા.

લક્ષ્મીજી કૃપા દૃષ્ટિ કરી બોલ્યા - તમે વર્ષોથી ભગવાન સાથે મારી પૂજા-આરાધના કરો છો તેનાથી હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન થઈ છું. વર્ષોથી તમારા ઘરમાં હું સુખ-સમૃધ્ધિ રૂપે નિવાસ કરું છું પણ તમે જાણતા જ હશો કે મારો સ્વભાવ ચંચળ છે. હું કાયમ કોઈ સ્થળે બંધાઈને રહેતી નથી. તમને એ પણ ખ્યાલ હશે કે હું જ્યાં જાઉં ત્યાં સાત માળની હવેલીઓ બંધાઈ જાય, સમૃદ્ધિ થઈ જાય ને ત્યાંથી ચાલી જાઉં ત્યાં બધું વેરવિખેર થઈ જાય. મારા સ્વભાવ પ્રમાણે હવે હું અહીંથી જવાની છું પણ તમારૂં ઘર ઉજ્જડ ન થઈ જાય તે માટે તમે કોઈ એક વરદાન માગી લો ને સુખી રહો તે કહેવા માટે આવી છું.

તરત તો શું વિચાર આવે ! સહુને મુંઝાતા જોઈને લક્ષ્મીજીએ કહ્યું કે એમ કરો, તમે વિચારી રાખજો, આવતી કાલે ફરીથી દર્શન આપું ત્યારે તમે માગી લેજો. આટલું કહીને દેવી અદ્રશ્ય થઈ ગયા. થોડી જ વારમાં વડીલ આગેવાન શેઠની આગેવાનીમાં દીકરાઓ, વહુઓ, પૌત્રો-તેમની પત્નીઓ, નાના બાળકો બધાયની મિટિંગ શરૂ થઈ. દરેકને તેમનો અભિપ્રાય વ્યક્ત કરવાની છુટ હતી. બધા બહેનો તરફથી એવી વાત આવી કે સાત પેઢી ચાલે તેટલું સોનું માંગી લઈએ. યુવાન વર્ગ તરફથી વાત આવી કે વિદ્યા માંગી લઈએ. જો વિદ્યા હશે તો બધું આવશે. ત્યારે વડીલ બોલ્યા કે મેં એવા ઘણા વિદ્યાધરોને

જોયા છે કે કોઈ પ્રારબ્ધ અનુસાર મહિનામાં પાંચ ઉપવાસ કરવા પડતાં હોય. બહું બધાં વિચારો કર્યા પણ કાંઈ ઉપાય જડ્યો નહી. ત્યારે સહુએ સર્વાનુમતે નિર્ણય કર્યો અને વડીલને કહ્યું - દાદાજી ! આ ઘરની જે કાંઈ સમૃદ્ધિ છે તે તમારે લીધે છે. અમને તમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. તમે જે કાંઈ પણ માંગશો તે અમારે શિરોમાન્ય હશે. વડીલ કહે - તો પછી મને જે યોગ્ય લાગશે તે હું માંગી લઈશ પછી તમને વસવસો ન રહેવો જોઈએ. છેવટે બધાએ દાદાજી પર જ વિશ્વાસ કાયમ કર્યો. અમે તમારા નિર્ણયને સાનુકુળ છીએ અને હંમેશા રહીશું.

રાત થઈ અને સમય થતાં વચન મુજબ લક્ષ્મીજીએ તેજોમય દર્શન દીધાં. વડીલ સહિત કુટુંબના દરેક સભ્યો હાથ જોડીને લક્ષ્મીજી સમક્ષ ઉભા રહ્યા. પછી લક્ષ્મીજીના કહ્યાં મુજબ વડીલ દાદાજીએ વરદાન માંગવાની શરૂઆત કરી. હે માતાજી ! તમારી કૃપાએ અમે સુખી છીએ. ઘરમાં સંપ, સુખ, સમૃદ્ધિ, સંતાન, જાહોજલાલી બધું જ છે છતાં આપની આજ્ઞા છે તો એટલું જ માંગુ છું કે મારા આ કુટુંબમાં સદાય સંપ રહે તેવું વરદાન આપો.

જ્યાં વડીલે આ શબ્દો ઉચ્ચાર્યા તો લક્ષ્મીજી કહે, અરેરે ! આ શું માંગ્યું ! બીજું કાંઈક માંગી લ્યો. સંપથી થોડું કાંઈ પેટ ભરાવાનું છે ? લક્ષ્મીજીને એમ કે જો વિચાર બદલાઈ જાય ને બીજું કાંઈ માંગી લે તો શાંતિ. પણ વડીલ તો મક્કમતાથી બોલ્યા કે - માતાજી ! બીજું કાંઈ મને જોઈતું નથી. ફક્ત સંપ રહે તેવું વરદાન આપો.

લક્ષ્મીજીએ રાજીપા સાથે તથાસ્તુ કહી દીધું અને પ્રસન્ન વદને કહેવા લાગ્યા કે હવે તો હું તમારા ઘરેથી બીજે ક્યાંય જઈ શકીશ નહી. આમ તો મારો સ્વભાવ છે - હું જ્યાં જાઉં પછી ત્યાં કુસંપ થાય અને પછી જ્યારે એ કુસંપ મોટું રૂપ ધારણ કરી લે પછી ત્યાંથી ચાલી જાઉં છું. પણ તમે મારી પાસેથી સંપ માંગ્યો તેથી તમારે ત્યાં સંપ અને સંપત્તિ બંને રહેશે. સંપત્તિ આવવા છતાં જ્યાં સંપનું વાતાવરણ જળવાઈ રહે ત્યાંથી સંપત્તિ ખસતી નથી. અને વિપત્તિ આવતી નથી. આટલું કહીને લક્ષ્મીજી અંતર્ધાન થયાં અને આ પરિવાર કાયમને માટે સુખી પરિવાર બની રહ્યો.

મિત્રો ! શરૂઆતમાં જ કહ્યું હતું ને કે આ વાત ખૂબ જ શાંતિથી ધ્યાનપૂર્વક વાંચજો. છે ને બહુ અગત્યની વાત ? કોઈ પણ વ્યક્તિ ચાહે તે ગરીબ હોય, તવંગર હોય, વિદ્વાન હોય, અભણ હોય, નાનો હોય કે મોટો હોય પણ સંપ દરેક માટે સરખો સુખકારી સદ્‌ગુણ છે. ઘણીવાર નાના માણસ સાથેનો કુસંપ પણ મુશ્કેલી સર્જી શકે છે. માટે જ કહેવાય છે કે પ્રગતિ અને સુખ સંપને આભારી છે અને અધોગતિ ને દુ:ખ તે કુસંપને આભારી છે.

તમને ખબર હશે કે આ યુગનું નામ કળિયુગ છે. કળિ એટલે કુસંપ. જે વ્યક્તિ આવા કુસંપનો યુગમાં પણ સંપ રાખી શકે તેને ત્યાં લક્ષ્મીજી સુખ-શાંતિ પૂર્વક રહે છે. માટે જ મહાત્મા તુલસીદાસજી કહે છે કે -

**"જહાં સંપ તહાં સંપત્તિ નાના,**
**જહાં કુસંપ તહાં વિપત્તિ નિદાના."**